રાજકોટ મહાનગરપાલિકા

"સ્વદેશી મેળા"Shopping Festival -૨૦૨૬માં સ્ટોલ મેળવવા ઈચ્છુક સ્થાનિક સ્વસહાય જૂથ, કારીગરો, કલાકારો માટેનું અરજી ફોર્મ

૧	સ્થાનિક સ્વસહાય જૂથ, કારીગરો, કલાકારોનું નામ:-	
૨	નોંધણી ક્રમાંક/તારીખ:- *જો સ્વસહાય જૂથ હોય તો	
	સ્થાનિક કારીગરો/કલાકારો હોય તો તે અંગેનો આધાર પુરાવો/કાર્ડ	
૩	વોર્ડ નંબર:-	
૪	સ્વસહાય જૂથના લીડરનું નામ અને મોબાઈલ નંબર:- *જો સ્વસહાય જૂથ હોય તો	૧. મો.નં. :- _____ ૨. મો.નં. :- _____
૫	જો કારીગરો/ કલાકારો હોય તો પુરૂ નામ તથા સરનામું અને કલા કારીગરીની વિગત:-	
૬	સ્વસહાય જૂથના કુલ સભ્યોની સંખ્યા:-	
૭	મેળામાં ભાગ લેનાર જૂથના સભ્યોની સંખ્યા:-	
૮	સ્ટોલ ઉપર ઉપસ્થિત રહેનાર વ્યક્તિનું નામ તથા મોબાઈલ નંબર:-	૧. ૨.

૯	મેળામાં રજૂ/વેચાણ કરવાની વસ્તુઓનો પ્રકાર:	☐ હસ્તકલા ☐ હેન્ડલૂમ/કાપડ ☐ ખાદ્ય વસ્તુઓ ☐ ઘરગથ્થુ ઉત્પાદનો ☐ શણગારની વસ્તુઓ ☐ પરંપરાગત/સ્થાનિક ઉત્પાદનો અન્ય _____
૧૦	અગાઉ કોઈ મેળા/પ્રદર્શન/માર્કેટમાં ભાગ લીધેલ છે?	☐ હા ☐ ના જો હા, તો વિગત:-
૧૧	આધાર નંબર :- (ઝેરોક્ષ નકલ સાથે જોડવી)	
૧૨	વેચાણ પ્રવૃતિની વિગત:-	
૧૩	છેલ્લા કેટલા સમયથી પ્રવૃત્તિ/વ્યવસાય સાથે કાર્યરત છે?	

આ સાથે સામેલ નિયમો અને શરતો અમોએ વાંચેલ છે જે બંધનકર્તા રહેશે.

તારીખ:- _____/_____/_____ **અરજદારના હસ્તાક્ષર:**

_____

નામ:

_____

SHG હોય તો લીડરની સહી તથા SHGનો સિક્કો:

❖ **અરજી સાથે રજૂ કરવાના દસ્તાવેજો**

1| SHGની રચના/નોંધણીનો પુરાવો| ☐

2| SHG સભ્યોની યાદી| ☐

3|સ્થાનિક કારીગર/કલાકારો માટેનો (આર્ટિઝન કાર્ડ) આધારભૂત પુરાવો| ☐

4| પ્રમુખ/અધિકૃત પ્રતિનિધિનો આધાર પુરાવો| ☐

5| ઉત્પાદનોની ફોટોગ્રાફ/નમૂના (જરૂર મુજબ)| ☐

6| અગાઉના મેળા/પ્રદર્શનનો પુરાવો, જો હોય તો| ☐

7| અન્ય જરૂરી પ્રમાણપત્ર/દસ્તાવેજ| ☐

રાજકોટ મહાનગરપાલિકા

"સ્વદેશી મેળા"Shopping Festival -૨૦૨૬અન્વયે સ્ટોલ ધારકોએ રજુ કરવાનું બાંહેધરી પત્રક.

સ્ટોલ નં : .....

SHG/શેરી ફેરિયા/કારીગર/કલાકારનું નામ

.....

પૂરું સરનામું : .....

.....

.....

આથી અમો નીચે સહી કરનાર _____

ઉમર વર્ષ ____

રહેઠાણ

_____ધરાવી એ છીએ. અમો સ્થાનિક કારીગર/કલાકાર/જુથનાં સભ્યો/શેરી ફેરીયા માટેના પુરાવા તરીકે આર્ટિઝન કાર્ડ/અન્ય આધારભૂત પુરાવો રજુ કરેલ છે. તેમજ છેલ્લા _____ માસથી _____ પ્રકારની કારીગર/કલાકારની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ છીએ. "સ્વદેશી મેળા"Shopping Festival -૨૦૨૬માં અમોને ફાળવેલ સ્ટોલમાં સ્વ-ઉત્પાદીત ચીજવસ્તુનું જ વેંચાણ કરશું. તથા ખાણી પીણીની વસ્તુઓનું વેંચાણ કરવામાં આવશે નહી. અમારા કારીગર/કલાકાર/જુથના સભ્યો/શેરી ફેરીયા સિવાય અન્ય કોઇને સ્ટોલમાં સામેલ કરવામાં આવશે નહી. તથા આ સ્ટોલ કારીગર/કલાકાર/જુથનાં સભ્યો/શેરી ફેરીયાઓને જ ફાળવેલ છે. જેને અન્ય કોઇ વ્યક્તિને વેંચી શકાશે નહી. તેમજ આઇકાર્ડ સિવાયનાં અન્ય કોઇ સભ્ય જોવા મળ્યે અમોને કાયમી ધોરણે બ્લેક લીસ્ટ કરવામાં આવશે જેની મને જાણ છે. સદરહું વિગતો સંપૂર્ણપણે ખરી છે તેની અમો બાંહેધરી આપીએ છીએ. તેમજ ભવિષ્યમાં ઉક્ત વિગતો ખોટી સાબિત થયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જે નિર્ણય કરવામાં આવશે તે અમોને બંધનકર્તા રહેશે. જેની હું સંમતિ અને બાંહેધરી આપુ છું.

તારીખ:-_____ **બાંહેધરી આપનારની સહી:-**

(૧)_____

(૨)_____

રાજકોટ મહાનગરપાલિકા
"સ્વદેશી મેળા"Shopping Festival -૨૦૨૬
ભાગ લેવા માટેના જરૂરી નિયમો અને શરતો

૧. "સ્વદેશી મેળા"Shopping Festival _તા. ૨૩/૧૦/૨૦૨૬ થી તા. ૦૩/૧૧/૨૦૨૬ સુધી બાર દિવસ માટે "આર્ટ ગલેરી" રેસકોર્સ ખાતે રાખવામાં આવેલ છે.

૨. "સ્વદેશી મેળા"Shopping Festival નો સમય:- સવારે ૧૦:૦૦ થી રાત્રી ૧૦:૦૦

૩. મેળામાં ભાગ લેનાર દરેક સ્વસહાય જુથે ક્રાફ્ટ તથા વિવિધ પ્રકારની હેન્ડ મેડ ચીજ વસ્તુઓ જેવી કે,

- હેન્ડીક્રાફ્ટ
- મોતી,તોરણ,જુમ્મર,ટોડલીયા વિવિધ પ્રકારનાં મોતીકામની આઇટમો
- માટી માંથી ઉત્પાદિત આઇટમો
- ભરત ગુંથણ
- જ્વેલરી/ ફેબ્રીક જ્વેલરી
- દોરી વર્કની વિવિધ આઇટમો
- છાબ ડેકોરેશન તથા લગ્ન પ્રસંગની આઇટમ
- બાંધણી/ચોલી/પટોળા
- મીરર વર્ક
- હેન્ડમેડ બેંગલ્સ
- નીટીંગ આઇટમ
- મડ વર્ક
- બ્યુટી પ્રોડક્ટ
- રજવાડી પર્સ

વગેરે વસ્તુઓનું જ વેચાણ કરી શકશે.

૪. સ્ટોલમાં રહેલ માલ સામાનની જવાબદારી જે તે મંડળની રહેશે. મેળાના દિવસો દરમ્યાન પર્યાપ્ત માત્રામાં વેંચાણ માટેનો જથ્થો રાખવાનો રહેશે.

૫. "સ્વદેશી મેળા"Shopping Festivalમાં સ્થાનિક SHG, કારીગરો, કલાકારોને પ્રાધાન્ય આપવાનું થાય છે. જેમાં DAY-NULM અંતર્ગત કાર્યરત સ્વસહાય જૂથના બહેનો તથા સ્થાનિક કારીગરો, કલાકારો મુજબ (આર્ટિઝન કાર્ડ ધારકોને પ્રાધાન્ય) સ્ટોલ ડ્રો મારફત ફાળવણી કરવામાં આવશે. જેમાં સ્વદેશી મેળામાં સ્ટોલ ફાળવણી માટે માત્ર પાત્રતા ધરાવતી જ અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે. જેમાં "એક જીલ્લો એક ઉત્પાદન (ODOP)" અંતર્ગત પટોળાને પ્રાધાન્ય આપવામાં આવશે. સ્ટોલ ફાળવણીનો અંતિમ નિર્ણય રાજકોટ મહાનગરપાલિકા/અધિકૃત સમિતિનો રહેશે.

૬. સ્થાનિક સ્વસહાય જૂથ/કારીગરોને માત્ર જૂથ દીઠ એક જ સ્ટોલ તથા , કારીગરો, કલાકારોના પરિવારમાં પણ માત્ર એક વ્યક્તિને જ સ્ટોલ ફાળવવામાં આવશે. જો રાજકોટ મહાનગરપાલિકાના ધ્યાનમાં આવશે કે એક જ પરિવારના એક કરતાં વધુ વ્યક્તિને સ્ટોલ ફાળવવામાં આવ્યા હશે તો રાજકોટ મહાનગરપાલિકા તેમાંથી એકથી વધુ સ્ટોલની ફાળવણી રદ કરવાનો અધિકાર રાખે છે.

૭. સ્ટોલ અન્યને વેચી શકાશે નહી/ ટ્રાન્સફર કરી શકાશે નહી. સ્ટોલ ધારકો દ્વારા પોતાના હસ્તકનો સ્ટોલ અન્ય કોઇને ફાળવવાનું માલુમ પડયે રૂ|. ૫૦,૦૦૦/-નો દંડ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વસુલવામાં આવશે.

૮. સ્ટોલ પર વેચાણ માટેની વસ્તુઓના ભાવ દર્શાવતું Rate List/Price List રાખવાનું રહેશે.મહાનગરપાલિકાની પૂર્વ મંજૂરી વિના સ્ટોલમાં વધારાનું માળખું, બોર્ડ, બેનર, ફ્લેક્સ, વાયરિંગ અથવા અન્ય સામગ્રી લગાવી શકાશે નહીં.

૯. વીજળી, આગ, ગેસ, ઈલેક્ટ્રિકલ સાધનો તથા અન્ય સલામતી સંબંધિત સૂચનાઓનું કડક પાલન કરવાનું રહેશે.

૧૦. "સ્વદેશી મેળા"Shopping Festival માં ખાદ્યપદાર્થના સ્ટોલ ધારકો દ્વારા આરોગ્યને નુકશાનકર્તા તથા પ્રતિબંધિત ખાદ્ય પદાર્થો વેંચી શકાશે નહી. સ્વચ્છતાની જાળવણી કરવાની રહેશે. તમામ ઉત્પાદનોની યોગ્ય ગુણવત્તા, પેકિંગ, વજન, માપ અને ગ્રાહકને આપવામાં આવતી માહિતીની જવાબદારી સંબંધિત સ્ટોલ ધારકની રહેશે.

૧૧. કચરો કચરા પેટીમાં જ નાખવાનો રહેશે આજુ બાજુ ગંદકીના કિસ્સામાં જે તે સ્ટોલ ધારકો પાસેથી

નિયત કરેલ દંડની રકમ વસુલ કરવામાં આવશે.

૧૨. બજાર કિંમત કરતા ઉંચી કિંમતે વસ્તુ, ખાધપદાર્થોનું વેંચાણ કરનાર સામે કાર્યવાહી કરવામાં આવશે.

૧૩. સ્ટોલ ધારકોએ ગ્રાહકો તથા અન્ય વ્યક્તિઓ સાથે સભ્યતા પૂર્વકનું વર્તન કરવાનું રહેશે. ગેરવર્તણુકના કિસ્સામાં સ્થાનિક SHG, કારીગરો, કલાકારોને ભવિષ્યમાં અન્ય કાર્યક્રમમાં સામેલ કરવામાં આવશે નહી. કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત થવાના કિસ્સામાં તમામ જવાબદારી સ્ટોલ ધારકની રહેશે.

૧૪. સ્ટોલ ધારકોએ પોતાના હસ્તકલા/વસ્તુઓ/ઉત્પાદનો યોગ્ય રીતે પ્રદર્શિત કરવા તેમજ દરેક સમયે સ્ટોલ ધારકોએ નૈતિક અને શિસ્તબધ્ધ વર્તન કરવાનું રહેશે. જો કોઈ કારીગર ગેરકાયદેસર અથવા અનૈતિક વર્તન કરતા હોવાનું જણાશે, તો રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તેની સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

૧૫. સ્ટોલ ધારકોએ ડ્રો દ્વારા તેમને ફાળવવામાં આવેલા સ્ટોલ જે હેતુસર ફાળવેલ હોય તે જ ચીજ- વસ્તુઓને સ્ટોલમાં પ્રદર્શિત કરવી. અન્ય કોઈ જગ્યાએ પોતાના ઉત્પાદનો પ્રદર્શિત કરવાની મંજૂરી રહેશે નહીં. કારીગરોએ ફાળવવામાં આવેલા સ્ટોલનો દુરુપયોગ કરવો નહીં.

૧૬. સ્ટોલ ધારકોએ અન્ય સ્ટોલ ધારકો સાથે કોઈપણ પ્રકારનો વિવાદ કે સંઘર્ષ કરવો નહીં.

૧૭. સ્ટોલ ધારકોએ પ્રદર્શનના સ્થળે અધિકૃત અધિકારી/સમિતિ દ્વારા વખતો વખત આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવું ફરજિયાત રહેશે.

૧૮. સ્ટોલ ધારકોના મુસાફરી, રહેવા તથા ભોજન માટે કરવામાં આવેલા ખર્ચની ભરપાઈ કરવાની જવાબદારી રાજકોટ મહાનગરપાલિકાની રહેશે નહીં અને આ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કોઈ વ્યવસ્થા કરવામાં આવશે નહીં.

૧૯. સ્ટોલ ધારકોના માલ સામાનની સુરક્ષાની જવાબદારી સ્ટોલ ધારક ની રહેશે તથા પોતાના સ્ટોક/ઉત્પાદનોના વીમાની જવાબદારી પણ તેમની રહેશે. આ માટે રાજકોટ મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહી. તેમજ જરૂરી માલ સામાન નિયત થયેલ સમયે સ્ટોલ પર સ્વખર્ચે પહોચાડવાનો રહેશે.

૨૦. સ્ટોલ ધારકોએ સમયસર સ્ટોલ પર પહોંચવાનું રહેશે. દૈનિક વેંચાણની વિગતો નિયત ફોર્મેટમાં દરરોજ કાર્યાલયમાં રજુ કરવાની રહેશે.

૨૧. મેળો પૂર્ણ થયા બાદ તમામ માલસામાન દૂર કરી જગ્યા સ્વચ્છ અને યોગ્ય સ્થિતિમાં પરત કરવાની રહેશે.

ઉપરોક્ત નિયમો મેં વાંચેલ છે. અને આ નિયમોનું અમો દ્વારા પાલન કરવામાં આવશે.

તારીખ:- _____/_____/_____ અરજદારના હસ્તાક્ષર:

_____

નામ:

_____

SHG હોય તો લીડરની સહી તથા SHGનો સિક્કો:

બેનર નમૂનો : -

DAY – NULM **લોગો**	**રાજકોટ મહાનગરપાલિકા** **“સ્વદેશી મેળા”Shopping Festival - ૨૦૨૬**	**RMC** **લોગો**
..... સ્વ-સહાય જુથ **..... શેરી ફેરિયા/કારીગર/કલાકારનું નામ**		

નોંધ : બન્ને લોગો આપને વોટ્સમાં આપવામાં આવેલ છે.